

ગત સોમવારે આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે ભજન સ્પર્ધા, સિનીયર સિટીઝન્સને સન્માન તથા મહિલાઓને ઍવોર્ડથી સન્માનવા માટેના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સહયોગ નારી વિકાસ મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત લતાબેન ચૉક્સી, કોકિલાબેન ત્રિવેદી, નિલમબેન કામદાર, ઉમાબા સોલંકી અને પ્રતિભાબેન દવેને ઍવોર્ડ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ભજન સ્પર્ધામાં અનુક્રમે કૃષ્ણ મંડળ, સૅક્ટર-૨ના જ્યોત્સ્નાબેન પંડ્યા, માઈ મંડળ, સૅક્ટર-૫ના ઈલાબેન નાયક, ગોપી મંડળ, જીઈબીના વસંતીબેન વિજેતા થયા હતા. શિવમ ગૃપના આશાબેન પટેલને આશ્વાસન ઈનામ પ્રાપ્ત થયું હતું.

## સ્વામીનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વેઈટલિફ્ટીંગની સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા તથા વેઈટલિફટીંગ સ્પર્ધા તાજેતરમાં સ્વામીનારાયણ હાઈસ્કૂલ, બાલવા મુકામે યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યુ હતું.

રસ્સાખેંચમાં સ્વામીનારાયણ હાઈસ્કૂલના અંડર-૧૯માં રજત, હાર્દિક, કિશન, કેતન, વિશાલ, ધવલ, ભૂપેન્દ્ર, અક્ષય તેમજ બહેનોમાં પ્રિયાંકા, મનિષા, નિશા, સુરેખા, મેઘના, ખુશ્બુ, જીનલ, પાયલ, કાજલે જિલ્લા કક્ષામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. તથા વેઈટલિફટીંગ સ્પર્ધામાં અંડર-૧૯માં અર્જૂન, વિશાલ, અક્ષય,નિશા, રવિના, ભૂમિ, જીનલ, મેઘના, ખુશ્બુ તેમજ અંડર-૧૭માં વિપુલ, રજનીક, નાગેશ ધ્રુવ, નિશા, જાનુ, રવિના, પ્રિયંકા અને મિત્તલે જિલ્લાકક્ષાએ વિજય મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. શાળાના વિદ્યાર્થીઓને આચાર્ય અર્જૂનસિંહ પરમારે અને ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

## જીવન ચિંતન

- લક્ષ્મી વાધવાણી

## માટી અને પત્થરની વેદના

માટીએ માટલાને પૂછ્યું, 'તું પણ માટીનો બનેલો છું ને હું તો માટી જ છું પણ, મને તો પાણી વહાવી જાય છે ને હવા ઉડાડી જાય છે, કોઈ મને કીચડનું સ્વરૂપ આપી દે છે જ્યારે તારામાં દિવસો જ નહિ મહિનાઓ સુધી પાણી પડ્યું રહે છે તો યે તું યથાવત રહે છે કોઈ તને ઓગાળી / પીગળાવી શકતું નથી. તારું સ્વરૂપ પણ બદલાતું નથી. એટલું જ નહિ ઘેરઘેર લોકો તારા સ્વરૂપને વસાવે છે.' માટલાએ જવાબ આપ્યો : 'તારી વાત તદ્દન સાચી છે તું પણ માટી છે અને હું પણ માટી છું, પણ પહેલા મને પલાળવામાં આવ્યો પછી પગ તળે મને છૂંદવામાં આવ્યો, કુંભારના ચાક પર ચડાવ્યા પછી મને ઘાટ આપીને ગરમ ભઠ્ઠીમાં તપાવવામાં આવ્યો. આ બધી યાતનાઓમાંથી પસાર થયા પછી મને આ સ્વરૂપ પ્રાપ્ત થયું છે. અને મારામાં આ ક્ષમતા આવી છે.'

આવી જ બીજો એક વાર્તાલાપ સાંભળ્યો. રાતનો સમય હતો. મંદિરમાં અવરજવર બંધ થઈ ગઈ. ત્યારે પગથિયાએ મંદિરમાંની મૂર્તિને કહ્યું, 'તું ય પથ્થર છે ને હું ય પથ્થર છું પણ તારી લોકો પૂજા કરે છે, જ્યારે મને પગ તળે ચગદીને જાય છે. મને કોઈ પૂછતું પણ નથી. જ્યારે તારી સવાર-સાંજ આરતી અને પૂજા થાય છે. તારી આગળ લોકો માથું ટેકવે છે. આવો અન્યાય શા માટે ? મૂર્તિએ જવાબ આપ્યો તું તદન સાચું કહે છે પણ હું ય તારી જેમ પથ્થર જ છું પણ આ મૂર્તિ બનતા- બનતા મેં આ શરીર પર કેટકેટલી યાતનાઓ વેઠી છે તે હું જ જાણું છું મને હથોડા ય ખાવા પડ્યા છે તો મને છીણીથી છીંણવામાં ય આવ્યો છે. મેં તીણી ધાર પર સહન કરી છે ત્યારે જઈને મને આ સ્થાન મળ્યું છે.'

આમ તો આ બંને કાલ્પનિક વાર્તા લાગે છે, પણ આ વાર્તા આપણને એ શીખવી જાય છે કે તપસ્યા કર્યા વગર માણસને કંઈ જ મળતું નથી. તપસ્યા એટલે ઘરબાર છોડીને તપ કરવું, જંગલમાં જતાં રહેવું, ભગવા ધારણ કરી લેવા કે હિમાલય પર જઈને બેસવું એ નથી, એ તો ઘરબારની અને સમાજની જવાબદારીમાંથી છટકવાની વૃત્તિ થઈ ગણાય. એક બાળકની બિમારીને લીધે માતા આખી રાત જાગતી રહે છે તે તપ છે, બાળકોને સારી રીતે ઉછેરવા, ભણાવવા પાછળ જે ગરીબ બાપ રાત-દિવસ કાળી મજૂરી કરે છે તે તપ કહેવાય, ઘરની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હોવા છતાં ઘર ખર્ચને પહોંચી વળવા દિવસે સમય કાઢીને થોડું ઘણું કમાઈને રાત્રે મોડે સુધી શેરીની લાઈટમાં ભણીને સારા ટકા લાવવા વિદ્યાર્થી પ્રયત્ન કરે તે ખરૂં તપ કહેવાય. એકલવ્યે જે લક્ષ્ય રાખ્યું હતું તે વિઘ્નો છતાં પાર પાડ્યું તે તપ હતું. અર્જુને જીવનમાં તપસ્યા દ્વારા જે લક્ષ્ય પ્રાપ્ત કર્યુ હતું ને ? તપ વગર સિદ્ધિ હાંસલ ક્યાંથી થાય ? આજની પેઢીને ખાસ જરૂર છે બાળકના ઉછેરના સમયમાં જ તેને તેનું લક્ષ્ય શું છે, શું હોવું જોઈએ, એ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રથમથી જ એને એ તરફ ભણતરની સાથે સાથે વાળવા જોઈએ. જેથી કરીને બાળકની વૃત્તિ બીજે ક્યાંય ભટકે નહિ અને માતા-પિતા પણ એની સોબત વિશે નિશ્ચિંત રહી શકે. જેથી માટી માટલાનું અને પથ્થર ભગવાનની મૂર્તિનું રૂપ ધારણ કરી શકે તો આપણું બાળક શા માટે શિવાજી, ગાંધીજી, જવાહલાલ, ભગતસિંહ કે અલગ અલગ રમતોના નિષ્ણાત ન બની શકે ? કે દીકરી પણ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, માતા જીજાબાઈ, મધર ટેરેસા, ઈન્દિરા ગાંધી કે રમતવીર ન બની શકે ?

## શિવરંજની દ્વારા જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

પાટનગરની કલાપ્રેમી જનતા સમક્ષ વિવિધ અને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની પોતાની જ સંસ્થા કલા ગુર્જરી તેનાં આ વર્ષના દ્વિતીય કાર્યક્રમ અન્વયે જુના હિન્દી ફિલ્મી ગીતોનો એક અનોખો કાર્યક્રમ 'સિતારો સે આગે-૨' અંતર્ગત **'Sweet 60s'**નું આયોજન તા. ૪-૮-૨૦૧૨નાં રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે, જેમાં અમદાવાદ-વડોદરાનાં અનુભવી અને નીવડેલ ગાયકો અને સંગીતકારો હિન્દી સિનેમાનાં સુવર્ણકાળનાં લોકપ્રિય ગીતોની મધુર સુરાવલીઓ રેલાવશે - કાર્યક્રમનું રસ દર્શન ફિલ્મ સંગીતનાં જાણીતા તજજ્ઞ અને કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ કરાવશે.

કલા ગુર્જરીનું સભ્ય પદ મેળવવા માટે જયરાજસિંહ સરવૈયા (૯૮૨૫૨ ૫૩૯૩૩), શરદ વ્યાસ (૯૮૨૫૩ ૩૨૯૨૩) અને ભાવિક પટેલ (૯૮૭૯૦૯૭૫૫૬)નો સંપર્ક કરવા કલા ગુર્જરીનાં પ્રમુખ શ્રી એન.પી. પટેલે અનુરોધ કરેલ છે. કાર્યક્રમની શરૂઆત પહેલા ટાઉનહોલ ઉપર કલા ગુર્જરીનું સને ૨૦૧૨-૧૩નું સભ્યપદ પણ સ્વીકારવામાં આવશે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ રૂરલ આઈટી ક્વીઝ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા તાજેતરમાં નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું હતું. માણસા તાલુકાના અમરાપુર, ગ્રામભારતી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલી નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ-૨૦૧૨ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓની ૫૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૧૦ ટીમો રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે.

નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ-૨૦૧૨માં ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની એમ.બી. પટેલ વિદ્યાલય, વાવોલના અર્જૂન પ્રજાપતિ, સંદિપ રાણા, ગ્રામશાળા ગ્રામ ભારતી અમરાપુરના કમલેશ બારોટ, નિકુંજ પ્રજાપતિ, સ્વામી યોગાનંદ હાઈસ્કૂલના અક્ષય ગજ્જર, જીગીશ મિસ્ત્રી, ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામ ભારતીના સોનલ દેસાઈ, જયરાજ રાઠોડ, પી.વી. આર. શાહ હાઈસ્કૂલ, લિંબોદરાના પ્રેક્ષા પટેલ, મિત્તલ વાઘેલા, જે.એસ. પટેલ વિદ્યામદિર, રાંધેજા યોગેશ પ્રજાપતિ, દિશાંત વ્યાસ, સી.સી. શાહ વિદ્યામંદિર ઉનાવાના કૃણાલ પટેલ, ઉત્સવ પટેલ, મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજના હર્ષ ચૌધરી, ઋષિ ઠાકર, સ્વસ્તિક હાઈસ્કૂલ, હાલીસાના હાર્દિક ચૌધરી, પીન્ટુ ચૌહાણ, જ્યોતિ વિદ્યાલય રિદ્રોલના આરતી રાઠોડ, નિધિ પટેલની ટીમ વિજેતા બની હતી. આ દસ ટીમો રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

## સ્કૂલ ઓફ એચિવરરક્ષાબંધન પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવરમાં તાજેતરમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓ માટે અનોખા બંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રાખડી બનાવી, સુંદર ગીત નત્યો રજૂ કરી કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો.

શાળાના ધોરણ ૧ થી ૫માં વિદ્યાર્થીઓએ વર્ગમાં સુંદર અને કલાત્મક રાખડીઓ બનાવી હતી. જેમાં ધોરણ-૧માં આર્યન પટેલ, ધોરણ-૨માં આશ્વિ પટેલ, ધોરણ-૩માં જૈનિસ પટેલ, ધોરણ-માં વ્રજ પટેલ તથા ધોરણ-૫માં વિધિ પટેલ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી. વિજેતાઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

ધોરણ-૬ થી ૯ના વિદ્યાર્થીઓએ ભાઈ બહેનના સ્નેહને દર્શાવતા નૃત્ય ગીતો રજૂ કર્યા હતા. રેડ હાઉસના અર્પિતા અને ખુશ્બુ પટેલ વિજેતા જાહેર થયા હતા. ધોરણ-૮ થી ૯માં બાળકોએ ક્રિષ્ના નાગ દર્શન, દુર્ગા મહિષાસુર, ગણેશ કાર્તિકેય, શિવ તાંડવની કૃતિઓ રજૂ કરી હતી. ગ્રીન હાઉસના રુચિ પટેલ અને વિભુ દવે વિજેતા જાહેર થયા હતાં. વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય કે.એસ. પટેલે ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા અને પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું.

## આદર્શ નિવાસી શાળા નાંદોલ વિદ્યાર્થીઓ રમતક્ષેત્રે વિજેતા

ગાંધીનગર, તા. ૨

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં ઉપક્રમે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કમેટી દ્વારા આયોજિત જિલ્લા રમતગમત અધિકારીની કમેટી દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની પાયકા વિભાગની ભાઈઓની કુસ્તીની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મકવાણા ભરત ૪૨ કીલોમાં પ્રથમ. મીર કિશન ૫૪ કિલો દ્વિતીય, ભરવાડ ઘનશ્યામ ૬૯ કિલો દ્વિતીય, ભરવાડ વિક્રમ ૪૬ કિલો તૃતીય, ભરવાડ નરેશ ૫૦ કીલો વધારેલ છે. આચાર્ય શ્રી બી.એસ. બારૈયાએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

## પાયકા કેન્દ્ર બાલવાનો વેઈટલિફટીંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાકક્ષાની વેઈટલિફટીંગ સ્પર્ધાનું પાયકા કેન્દ્ર બાલવા ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાયકા કેન્દ્ર બાલવાના ખેલાડીઓ અંડર-૧૬માં વિજેતા બન્યા હતા અને રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા હતા.

પાયકા કેન્દ્ર બાલવાના અંડર-૧૬ ખેલાડીઓમાં જશ પટેલ, સાહિલ, જયદિપ, નાગેશ, અર્પી, મિતલ, જાનુ, નિશા, પ્રિયંકાએ પ્રથમ નંબર તેમજ ચિરાગ, આશિક, રવિ, માસુમ, રિયાએ દ્વિતીય નંબર તથા વિપુલ, રવિ, કાર્તિક, સૃષ્ટિ, ખુશાલીએ તૃતીય નંબર મેળવ્યો હતો. જિલ્લાકક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા છે. વિજેતા ખેલાડીઓને શૈલેષકુમાર પટેલે માર્ગદર્શન આપ્યુ હતુ. પાયકા કેન્દ્ર બાલવાના અધ્યક્ષ અર્જૂનસિંહ પરમાર અને ટ્રસ્ટી મંડળે સર્વે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ખેલાડીઓ તરણ સ્પર્ધામાં ઝળકયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા દ્વારા આયોજીત શાળાકીય રમતોત્સવમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ તરણ સ્પર્ધામાં ભાગ લઈ, ચંદ્રક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળાકીય સ્વીમીંગ સ્પર્ધામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના અંડર-૧૯માં જય સકસેનાએ ૪૦૦ મી. ફ્રી સ્ટાઈલ સ્વીમીંગ સ્પર્ધામાં ચંદ્રક તથા અંડર ૧૭માં પરીન દરજીએ ૫૦ મી. બેક સ્ટ્રોકમાં ચંદ્રક હાંસલ કર્યા છે. શાળાના આચાર્ય અને ટ્રસ્ટીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળા ખાતે ડીઆઈજી બીએસએફ દ્વારા વિશિષ્ટ બાળકોને મિષ્ટાન સહ ભોજન પીરસાયું

ચિલોડા, તા. ૨

પવિત્ર શ્રાવણ માસ અને રક્ષાબંધનનાં પાવનપર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના પ્રાંતિયા ખાતે શ્રી શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિ વિકાસ શાળા (મંદબુદ્ધિ બાળકોની નિવાસી શાળા)નાં બાળકોને રાજસિંગ રાઠોડ (ડી.આઈ.જી.) બી.એસ.એફ. ગાંધીનગર (ગુ.રા.) દ્વારા મીસ્ટન્ન ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમાન સાધના રાઠોડ, શ્રીમાન સુમનસિંગ તથા જયા વર્મા હાજર રહી સંસ્થાના બાળકોને પોતાના હાથે ભોજન પીરસી પ્રેમથી જમાડ્યા હતા. આ ઉપરાંત સંસ્થાની કાર્યપ્રવૃત્તિઓનો રસપૂર્વક વિગતવાર માહિતી મેળવી પ્રભાવિત થયા હતા. તેઓએ સંસ્થાના પ્રશ્નો, વાલીઓની સમસ્યાઓ વગેરેની સહાનુભૂતિપૂર્વક ચર્ચા કરી જરૂરી સહયોગ આપવા હૈયાધારણ વ્યક્ત કરી હતી. માનસિક ક્ષતિવાળા બાળકો અને તેમનાં વર્તન તરેહોને લગતા પ્રશ્નો વિશે જાણી સાધના રાઠોડ ભાવ વિભોર બન્યા હતા. સંસ્થા દ્વારા બાળકોની માવજત અંગે સંતોષ વ્યક્ત કરી સંસ્થાની કાર્યપ્રવૃત્તિને બીરદાવી ટ્રસ્ટીમંડળ તથા સ્ટાફ પરિવાર સભ્યોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. બાળકોને આશીર્વચનો પાઠવી પ્રભુની અરળ લીલા નિહાળતાં બે ઘડી વિચાર મગ્ન બન્યા હતા.

## લીંબોદ્રા ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા લીંબોદ્રા ખાતેની પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં યોગ અને યુવક નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગાચાર્ય દિપીકા પટેલે યોગ શિક્ષણ આપ્યું હતું.

લીંબોદ્રા ગામની પી.પી. આર. શાહ હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં યોગ અને યુવક નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં આજુબાજુના ગામના ૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે આચાર્ય ટી.પી. પરમાર, સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાના આચાર્ય એ.બી. પરમાર તેમજ ગાંધીનગર જિલ્લા કન્વીનર એસ.કે. પટેલ અને એમ.એસ. બારોટ દ્વારા યોગ અને યુવક નેતૃત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ડી.એસ.ઓ. કચેરીના બળદેવભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## આહીર સમાજના તેજસ્વી તારલાઓએ ૧૫મી સુધી માર્કશીટ જમા કરાવવી

ગાંધીનગર, તા. ૨

આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૧૪મો વાર્ષિક સન્માન સમારંભ આગામી તા. ૨૬ ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારના રોજ ટાઉનહોલ ખાતે યોજાશે.

આ સમારંભમાં વિશિષ્ટ સિદ્ધિ તથા પ્રમોશન મેળવેલ સભ્યો તેમજ માર્ચ-એપ્રિલ-૨૦૧૨માં ધોરણ-૧ થી ૧૨ અને કોલેજ-યુનિવર્સિટી લેવલના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. જેથી તા. ૧૫મી ઓગષ્ટ-૨૦૧૨ પહેલા માર્કશીટની નકલ નજીકના પ્રતિનિધિને મોકલી આપવા સંસ્થાએ જણાવ્યું છે. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા બાળકો તથા વિદ્યાર્થીઓએ સત્વરે પોતાના નામ નોંધાવી લેવાના રહેશે. આ અંગેની વધુ વિગતો માટે એમ.જી. બાંધિયાના મો. નં. ૯૯૦૪૨-૩૮૯૨૫નો સંપર્ક કરવો તેમ જણાવ્યું છે.

## ભીલ સમાજના તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૨

ભીલ સમાજ સેવા સંગઠન મંડળ ગાંધીનગર દ્વારા ભીલ જાતિના પરિવારના તેજસ્વી તારલાઓને તા. ૫મી ઓગસ્ટે સન્માનિત કરવામાં આવશે. અતિપછાત એવા ભીલ સમાજના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તથા પરિવારના બાળકો શિક્ષણ મેળવા પ્રોત્સાહિત થાય તે માટે સમાજના બાળકોને નોટ-ચોપડાનું વિતરણ કરવામાં આવશે. આ સમારંભમાં રાજકોટના નાયબ કલેકટરશ્રી એસ.જે. પટેલ મુખ્ય મહેમાન પદે હાજર રહેશે.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ઝોન કક્ષાની રમતોમાં ઝળકયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી આર.એન.પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગાંધીનગર ઝોન કક્ષાની ખો-ખો સ્પર્ધામાં, કબડ્ડી સ્પર્ધામાં તથા એથ્લેટિકસની દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, લાંબી કૂદ અન ઊંચી કૂદ જેવી રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે.

આર.એન. પટેલ પ્રાથમિક શાળાના અજયસિંહ ડાભીએ ૧૦૦ મી દોડમાં પ્રથમ, મયૂર પટેલે ૪૦૦ મી. દોડમાં પ્રથમ, જેતશી ચૌધરીએ ૬૦૦ મી. દોડમાં પ્રથમ, અમિત રાવલે ગોળાફેંકમાં પ્રથમ, ડેલવિના પરમારે ચક્રફેંકમાં પ્રથમ, પાયલ નિસરતાએ ૧૦૦ મી. દોડમાં પ્રથમ અને ૨૦૦ મી. દોડમાં દ્વિતીય નંબર તેમજ નિખીલ બારીયાએ લાંબીકૂદમાં બીજો, કેતન પટેલે ઊંચી કૂદમાં દ્વિતીય અને સંદિપસિંહ બિહોલાએ ૨૦૦ મી. દોડમાં ત્રીજો નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરીવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર તા. ૨

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સહયોગથી રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી મેઘાદીદીએ રક્ષાબંધન વિધિ અને તેનું મહત્વ સમજાવ્યું હતું. બ્રહ્માકુમારી દ્વારા તમામને રાખડી બાંધી મિઠાઈ વહેંચી હતી.

# ઉપવાસનો પ્રચલિત અર્થ છે વ્રત કે નિયમ તરીકે ન ખાવું

## ઉપવાસનું આયોજન ઋષિમુનિઓએ તર્કબદ્ધ રીતે તહેવારોની સાથે ધર્મ અને વિજ્ઞાનનું સંયોજન સાધી કર્યું એટલે બધા હોંશે હોંશે ઉપવાસ કરે

**જીવન પથ**

- પી એમ પરમાર 'દર્શન'

**આજે મારે ઉપવાસ છે**

શિયાળો આવે એટલે ગરમ વસ્તુઓ સારી લાગે, કડકડતી ઠંડીમાં જઠરાગ્નિ જાગે. સાલમપાક, ગુંદરપાક અને અડદિયા, કાયાને આખા વર્ષની તંદુરસ્તી આપે. ઉનાળામાં ઠંડી વસ્તુઓનું બજાર ગરમાવો પકડી લે. આઈસક્રીમ, લસ્સી, શરબત, બરફની બોલબાલા થાય. ચોમાસું આવે, વરસાદ ભીંજવે. જઠરાગ્નિ મંદ પડે, દવાખાનાં દર્દીઓથી ભરાવા માંડે. વળી પાછા તહેવારોની મોસમ શરૂ થાય.

ગૌરીવ્રત, વટ સાવિત્રી, એવ્રત-જીવ્રત, જિવંતીકા, ચાતુર્માસ, અગિયારસ, અધિક પુરુષોત્તમ માસ, જન્માષ્ટમી, દિવાસો, નાગપાંચમ એમ અનેક તહેવારોની વણઝાર શરૂ થાય એટલે ઘેર-ઘેર તમે જ્યાં જાવ ત્યાં એક વાક્ય જરૂર સાંભળવા મળે -

**આજે મારે ઉપવાસ છે**

ઉપવાસનું આયોજન ઋષિમુનિઓએ તર્કબદ્ધ રીતે તહેવારોની સાથે ધર્મ અને વિજ્ઞાનનું સંયોજન સાધી કર્યું એટલે બધા હોંશે હોંશે ઉપવાસ કરે.

ઉપવાસનો પ્રચલિત અર્થ છે વ્રત કે નિયમ તરીકે ન ખાવું, અનશન વગેરે. પણ આપણે ત્યાં ક્યાંક આથી ઊલટું જોવા મળે છે. સારું સારું ખાવા મળે માટે ઘણા તો શ્રાવણ માસની કાગડોળે રાહ જોઈને જ બેઠા હોય છે. ઉપવાસ માટે એમનું મેનૂ અગાઉથી આગોતરા તૈયાર જ હોય છે. કાજુ, બદામ, પીસ્તા, અખરોટ, જરદાલુ, શપરજન, કેળાં, ચીકુ, રાજગરાનો શીરો, સાબુદાણાની ખીચડી, ફરાળી (સાચો શબ્દ ફળાહાર છે) પેટીસ, કચોરી, સૂકી ભાજી, સૂરણનું શાક, કેસરવાળું દૂધ, વેફર, દૂધનો માવો, ફરાળી ચેવડો - આ યાદીમાંથી પોતાની મનપસદ ભાવતી વાનગીઓનો પથારો કરી આરોગવા બેઠા હોય અને કોઈ આવી ચડી પૂછે કે આ બધું શું છે ભાઈ ? એક જ જવાબ સાંભળવા મળે - લૉ, તમને ખબર જ નથી ?

**આજે મારે ઉપવાસ છે**

શરીરની પાચનક્રિયાને આરામ મળે એટલે ઉપવાસ છે પણ અહીં તો પાચન અવયવોને ય ઓવરટાઈમ કરવાનો વારો આવી જાય ! જેટલું આડા દિવસોમાં ના ખાતા હોય એનાથી બમણું અહીં ઉપવાસમાં ઝાપટી જાય. કોઈ અર્થ ખરો ? ઉપવાસનો બીજો એક સુંદર અર્થ થાય છે : ઈન્દ્રિયોના ભોગોનો ત્યાગ કરવો. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા પાંચ જ્ઞાનેન્દ્રિયો; હાથ, પગ, ગુદા, લિંગ અને વાણી - આ પાંચ કર્મેન્દ્રિયો અને મન - આ ૧૧ ઈન્દ્રિયોના ભોગો ઉપર સંયમ પાળવો અનું નામ સાચો ઉપવાસ. અગિયારસ કરવાનો સાચો અર્થ જ આ. અગિયારનો સંયમ થાય છે.

ઉપવાસના દિવસે આંખોથી ખરાબ ન જોવું, કાનથી સારું શ્રવણ કરવું - કથા, ધાર્મિક પ્રવચન, ભજન વગેરે; નાકથી સુગંધિત પદાર્થોનો ત્યાગ અને પ્રાણાયામ કરવા; જીભથી ખાદ્યપદાર્થોનો પૂરા ૨૪ કલાક માટે સંપૂર્ણ ત્યાગ (માત્ર અને માત્ર પ્રવાહી જ લેવું) અને સ્પર્શેન્દ્રિય ઉપર સંયમ; હાથ-પગને આરામ, વાણી એટલે કે મૌન પાળવું અને તમામ વિચારોથી મનને અલિપ્ત (દૂર) રાખવું - એવો ખૂબ જ સ્પષ્ટ અને સર્વોત્તમ અર્થ ઋષિમુનિઓએ શાસ્ત્રોમાં આપણને આપ્યો છે. આ પ્રમાણે ઉપવાસ કરો તો જ શરીરને ઉપવાસના તમામે તમામ લાભ મળે અને બોલ્યું સાર્થક લાગે કે

**આજે મારે ઉપવાસ છે**

આપણા ભારતીય પંચાંગ મુજબ કોઈપણ તિથિ સવારના સૂર્યોદયથી જ શરૂ થાય અને બીજા દિવસનો સૂર્યોદય થાય ત્યારે જ આ તિથિ પૂરી થાય અને નવી તિથિ શરૂ થાય. ઉપવાસ માટે આ ૨૪ (ચોવીસ) કલાક જ ગણતરીમાં લેવાના હોય છે. જ્યારે આજે કેટલાક તો ઉપવાસ કરે એટલે રાત્રે બાર વાગે ખાસ ખાવાનું રાખી મૂકે અને ઊંઘી ગયા હોય તો ખાસ જાગવાની-જગાડવાની વ્યવસ્થા કરે અને તે મુજબ બાર વાગે જાગીને જમીને જ જંપે, કોઈ પૂછે કે રાત્રે બાર પછી કેમ જમો છો ? ખાતાં ખાતાં આ માણસ વળતો જવાબ આપે. લ્યો, તમને ખબર નથી ?

**આજે મારે ઉપવાસ છે**

આ તો પારણાં કરું છું.

મુસ્લિમ બિરાદરો રમઝાનમાં રોજા કરે છે તો પાણી પીવાનું તો બાજુ ઉપર, પોતાનું થૂંક પણ ગળતા નથી - ખાણીપીણી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ. રોજા કરનારને આપણી સલામ. જૈનોમાં પણ ઉપવાસનું મહત્ત્વ કંઈ કમ નથી. માત્ર ઉકાળેલું ગરમ પાણી. પર્યુષણ અને અઢ્ઢાઈ તપ આનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગાંધીજીના ઉપવાસની વ્યાખ્યા અને વાતો તો બધા જ જાણે છે. ભારતના જૈન મુનિ મિશ્રીલાલજીએ સળંગ ૧૩૨ દિવસના ઉપવાસ કરેલા છે - આપોઆપ વંદન થઈ જાય છે. ઉપવાસ ઉપહાસ ન બની જાય એની કાળજી રાખીએ. ઉપવાસ માત્ર ન ખાવું એવી શારીરિક ક્રિયા માત્ર નથી. એ તન, મનની સહિયારી સંયમની પવિત્રપાવન પ્રક્રિયા છે. ઉપ એટલે પાસે. વાસ એટલે વસવાટ, મુકામ, ભગવાન પાસે બેસવું એ અર્થ લઈએ તો ઉપવાસમાં આપણે કોઈપણ પ્રકારની છેતરપિંડી કરીએ તો ચાલે ? ભગવાન રાજી રહે ખરા ? હવે સાચા અર્થમાં ઉપવાસ કરીને બેધડક કહેજો કે -

**આજે મારે ઉપવાસ છે**



